ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જેઠાલાલ વરુ



અમીત જે પટેલ
મો. ૯૯૭૮૯ ૮૩૧૨૮



માનવ ચિરાગભાઈ પારેખ
મો. ૯૪૨૬૫ ૩૪૮૫૮



વિશ્વા તુષારકુમાર આસોડિયા
મો. ૯૮૨૪૨ ૫૯૦૩૩



સ્નેહ જિતુભાઈ દેસાઈ
મો. ૯૬૨૪૦ ૧૪૩૧૨

ગાંધીનગરના અગ્રણી પરિવારમાં અનોખો યોગાનુયોગ

## એક પરિવારના ત્રણ સભ્યોના જન્મદિન એક જ તારીખે



ગાંધીનગર, તા. ૧૭

જિંદગી અચરજો અને આશ્ચર્યોથી ભરેલી છે એવો અનુભવ આપણને ઘણીવાર થયો છે. આવો જ એક અનુભવ આજે જાણવા મળ્યો છે. શહેરના રહેવાસી અને જાહેર જીવનના જાણતલ સર્વદમનસિંહ વાઘેલા, તેમના પુત્ર અને તેમની પુત્રીના જન્મદિવસ એક જ તારીખે સંયોજાયા છે. જાણનારાઓ માટે આ સંયોગ આશ્ચર્ય પમાડે એવો છે ને આ પરિવાર માટે સુખદ્ આશ્ચર્ય પમાડે એવો છે. રાજપૂત સમાજના અગ્રણી, જાહેર જીવનમાં અગ્ર સ્થાને સક્રિય ને અંબોડ મહાકાળી મંદિરના ટ્રસ્ટી સર્વદમનસિંહ વાઘેલાના પુત્ર હર્ષવર્ધનસિંહ વાઘેલા આઈએએસ પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે અને પુત્રી માન્યત્નીબા વાઘેલા અભ્યાસ કરી રહ્યાં છે. આ ત્રણેયની જન્મતારીખ ૧૯ માર્ચ છે.

ઈશ્વરે સર્જેલા આ અનોખા યોગાનુયોગથી એક જ દિવસે ત્રણ જન્મદિવસની ઉજવણીનો સંયોગ એમને પ્રાપ્ત થયો છે.

'સામાન્ય રીતે આ દિવસે તમે શું કરો છો ?' એવા સવાલનો હળવાશથી જવાબ આપતાં પરિવાર જણાવે છે : 'ખાસ કંઈ નહીં, બસ અમે લોકો એકબીજાને શુભકામનાઓ પાઠવીએ છીએ.'

પરિચિતોએ, વાચકોએ શુભેચ્છા પાઠવવી હોય તો પાઠવી શકે છે. મો. ૯૮૨૫૦ ૭૧૫૯૧



ઓસ્ટ્રેલિયાનાં ગ્રીનવીલીના મેમ્બર ઓફ પાર્લામેન્ટ જુલી ફિન્ને ગુરુવારે ગુજરાત વિધાનસભા કાર્યાલય ખાતે રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગુજરાત પ્રવાસે આવેલાં જુલીએ વિધાનસભા ગૃહની કાર્યવાહી પણ નિહાળી હતી.

### 'વરેણ્યમ્'નું છેલ્લું વ્યાખ્યાન આજે ગાયત્રી મંદિર ખાતે

ગાંધીનગર, તા. ૧૮

'વરેણ્યમ્', ગાંધીનગર આયોજિત પ્રવચન શૃંખલાના સાતમા અને છેલ્લો મણકામાં 'કુંડલિની સાક્ષાત્કાર અને પૂર્ણતા' વિષય પર અમેરિકા નિવાસી હોલિસ્ટીક હીલર નટુભાઈ પટેલ તા. ૧૯ માર્ચ ને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે પ્રવચન આપશે. પ્રવચનનો લાભ લેવા ભાવિકોને ઈજન પાઠવવામાં આવ્યું છે.

### રવિવારે અરવિંદ કેન્દ્રમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

શ્રી અરવિંદ કેન્દ્રના આદ્યસ્થાપક તથા શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીના સાધક શ્રીમતી નિર્મળાબેન (બા)નાં દેહવિલય નિમિત્તે શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર ખાતે આગામી તા. ૨૦ માર્ચ ને રવિવારે સાંજે છ કલાકે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, એમ ડૉ. સી કે તન્ના દ્વારા જણાવવામાં આવ્યું છે.

પ્રેરણા વિદ્યાલય ખાતે

# પુષ્યનક્ષત્રમાં બાળકોને સુવર્ણપ્રાશન





સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે આજે પુષ્યનક્ષત્ર નિમિત્તે સુવર્ણપ્રાશન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ તેમનાં બાળકોને સુવર્ણપ્રાશનનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે શાળા ખાતે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ સુતરની આંટીથી ઉપસ્થિત અતિથિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ સ્વાગત પ્રવચન તથા પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. અતિથિ ડૉ. રાકેશભાઈ ભટ્ટ અને ડૉ. રાજેન્દ્રભાઈ વસૈયાએ બાળકોને સુવર્ણપ્રાશનથી થતા ફાયદા વિશે વિગતે માહિતી આપી હતી. અંતે, આભારવિધિ આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા કરવામાં આવી હતી. સ્થાનિક વસાહતીઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જેમનાં બાળકોને સુવર્ણપ્રાશનનો લાભ આપવામાં આવ્યો હતો.

બાર કાઉન્સિલ ઑફ ગુજરાત દ્વારા

# રવિવારે ગાંધીનગરમાં લીગલ સૅમિનાર

ગાંધીનગર, તા. ૧૮

બાર કાઉન્સિલ ઑફ ગુજરાત દ્વારા રવિવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતો લીગલ સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. કાઉન્સિલના સભ્ય કરણસિંહ બી વાઘેલાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે તા. ૨૦ માર્ચ ને રવિવારે સવારે ૯થી બપોરે બે વાગ્યા દરમ્યાન યોજાનાર આ લીગલ સૅમિનારનો ઉદ્ઘાટન સમારોહ સવારે ૧૦ કલાકે યોજવામાં આવશે. સમારોહ પ્રમુખ તરીકે ગુજરાત હાઈકોર્ટના જજ જસ્ટિસ ઍમ આર શાહ, અતિથિ વિશેષ તરીકે હાઈકોર્ટના જજ જસ્ટિસ હર્ષાબેન દેવાણી, જસ્ટિસ પી પી ભટ્ટ, જસ્ટિસ ઍમ બી શાહ, રાજ્યના કાયદા પ્રધાન પ્રદીપસિંહ બી જાડેજા અને રાજ્ય સરકારના એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે. આ સૅમિનારમાં વક્તા તરીકે અસિમ પંડ્યા (બેઈલ), મેહુલ શાહ (ઈન્જંક્શન), પરેશ જાની (મિડિએશન ઍન્ડ કન્સીલીએશન), ભરત બી નાઈક (નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ ઍક્ટ), વિભૂતિભાઈ પી નાણાવટી (ઍમઍસીટી) અને ઉદયન પી વ્યાસ (લૉ ઑફ પ્લીડિંગ) ઉપસ્થિત રહેશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કપૂર ઍન્ડ સન્સ
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
છોટા ભીમ (હિમાલયન ઍડવેન્ચર)
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
રાત્રે ૧૦.૦૦
નીરજા
૭.૧૫
ડૅર યુ
૧.૧૫
ચોરના ભાઈ ઘંટીચોર (ગુજરાતી)
૪.૧૫

**સ્ક્રીન-૫**
કપૂર ઍન્ડ સન્સ
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
૧.૦૦
જય ગંગાજલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# વિધાનસભામાં મુખ્યમંત્રી સાથે વિદ્યાર્થીઓ-નાગરિકોની મુલાકાત





## મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મળવા માટે નાગરિકોનો ઉત્સાહ બેવડાઈ રહ્યો છે : મુખ્યમંત્રી પણ હસતાં મુખે નાગરિકોને મુલાકાત આપે છે

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રીને મળવા માટે નાગરિકોનો ઉત્સાહ દિન-પ્રતિદિન બેવડાઈ રહ્યો હોય એમ લાગે છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ગુરુવારે વિધાનસભા પોડિયમમાં રાજકોટ, જામનગર અને વડોદરાની મહિલા સુરક્ષા સમિતિની મહિલાઓ, સુરત મહાનગરના કાર્યકર્તા-પદાધિકારીઓ તેમજ પશુપાલક, માલધારી સમાજના પરિવારો અને બનાસકાંઠાના થરાદ વિસ્તારના ગ્રામીણ નાગરિકોએ મુલાકાત લીધી હતી. વિધાનસભા ગૃહની કાર્યવાહી નિહાળવા આવેલા આ સૌ મુલાકાતીઓએ આનંદીબેન પટેલનું માર્ગદર્શન મેળવ્યું હતું અને પોતાની યાદગીરી માટે એમની સાથે સમૂહ તસવીર પણ લેવરાવી હતી.

ગુજરાત વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આવેલા ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીના વિવિધ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓએ પણ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી એમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે સાંસદ રંજનબેન ભટ્ટ અને ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી તથા ગોપાલક વિકાસ બૉર્ડના અરજણભાઈ રબારી ઉપસ્થિત રહ્યા હતા.

# હોળીના પ્રાગટ્યથી ચોક્કસ પ્રકારના વાઈરસ દૂર થાય છે

## ભોજન પછી તુલસીનાં બે પાન આરોગો તો ફૂડ પોઈઝનિંગ નહીં થાય : ડૉ. કૌશિક મહેતા

હોળીના પ્રાગટ્યથી ચોક્કસ પ્રકારના વાઈરસ દૂર થાય છે અને આ ઋતુમાં બાળકોને થતા રોગોથી તેમને રક્ષણ મળે છે.

આ શબ્દો ડૉ. કૌશિક મહેતાએ ઉચાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારતીય પરંપરા જુઓ તો આપણા ઋષિ-મુનિઓ કે કોઈપણ તિલક વગરનાં નથી, કેમકે આપણાં શરીરમાંથી સૌથી વધુ ઊર્જા કપાળમાંથી બહાર ફેંકાય છે. એ જ રીતે જો તમે તણાવ-ટેન્શનમાં હોવ તો તમારા હાથ-પગ ઠંડા થાય છે અને માથું તપી જાય છે. એટલે ઊર્જા શરીરમાં બચાવવી હોય તો કપાળ ઉપર એક પડ કરવું જોઈએ અને ઊર્જા બચે એટલે વૃદ્ધત્વ મોડું આવે. માટે દરરોજ તિલક કરવું જોઈએ. એ પણ શક્ય હોય તો જાતે ચંદન ઘસીને કરવું જોઈએ અથવા શુદ્ધ કંકુનું કરવું જોઈએ. માટે જ આપણે ત્યાં કહેવાયું છે કે 'તુલસીદાસ ચંદન ઘીસે, તિલક કરે રઘુવીર'. ભગવાન પણ તિલક કરે છે, એમ વિશ્વ હિન્દુ પરિષદનાં ગુજરાત પ્રદેશ કાર્યાધ્યક્ષ ડૉ. કૌશિક મહેતાએ શનિવારે શિક્ષણશાસ્ત્ર ભવન, ગુજરાત યુનિવર્સિટી ખાતે 'વિજ્ઞાન અને પરંપરા' વિષય ઉપર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું. આ પ્રસંગે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ડીન, રામેશ્વરદાસ હરિયાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. કૌશિક મહેતાએ જણાવ્યું કે ભારતીય પરંપરામાં જ્યારે ભગવાનને જે પ્રસાદ અર્પણ થાય છે, તેમાં તુલસીનું પાન મૂકવામાં આવે છે. તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ એ છે કે જો તમે પણ ભોજન કર્યા પછી, બે પાંદડા તુલસીનાં ખાવ તો તમને ક્યારેય ફૂડ પોઈઝનિંગ થતું નથી અને માટે જ પ્રસાદમાં પણ તુલસીનું પાન મૂકવામાં આવે છે. તેમણે કહ્યું કે ભારતમાં સૂર્યની પૂજા થાય છે અને સૂર્યમંદિરો પણ છે જ્યાં સૂર્યને સાત ઘોડાઓ દર્શાવ્યા છે. વિજ્ઞાન દ્વારા પણ જો કોઈ વ્યક્તિ ત્રિપાર્શ્વ કાચમાંથી પ્રકાશ જુએ તો તેને સાત રંગ દેખાય છે એટલે કે આટલા વર્ષો પૂર્વે ઋષિઓએ સાત રંગની માહિતી આપી હતી. સાથે જ ઘોડા દર્શાવ્યા છે, ગધેડા નહીં. કેમકે વિજ્ઞાન પણ સ્વીકારે છે, પ્રકાશ હંમેશા સીધી લીટીમાં દોડે છે અને ઘોડા પણ સીધી લીટી દોડે છે. તેમણે કહ્યું કે હવે હોળી આવશે. આ સમયગાળો એવો છે કે ગરમી શરૂ થાય અને ઠંડી ઓછી થાય છે. આ સમયગાળામાં સામાન્ય રીતે બાળકોને ઓરી-અછબડા નીકળે છે, વડીલોને કફ વગેરે થાય છે. કેમકે, ફાગણ મહિનામાં ૧૫ દિવસ સુધી આ વાઈરસ દેખાય છે. એ જ રીતે ફાગણની પૂનમનાં દિવસે ચોક્કસ દ્રવ્યો નાંખીને હોળી કરવામાં આવે છે અને તેને કારણે જ ધૂમાડો થાય છે. આ જે ચોક્કસ પ્રકારના વાઈરસ પણ દૂર થઈ જાય છે અને માટે જ પરંપરામાં એવું રૂપક આવ્યું કે પ્રહલાદ બચી જાય છે. એટલે કે બાળકો ઓરિ-અછબડાંથી બચી જાય છે. તેમણે જણાવ્યું કે સૂર્યને અર્ઘ્ય આપો તો સૂર્યને પાણી પહોંચે કે ન પહોંચે પરંતુ જે કોઈ વ્યક્તિ ઉદય પામતાં સૂર્યને જળ ચડાવે છે, તેને ક્યારેય વિટામીન-ડીની ખામી રહેતી નથી અને તે માટે ગોળીઓ ગળવી પડતી નથી. એ જ રીતે આજે સાંધાના દુઃખાવાની તકલીફ વધી છે, તેમાં પણ રાહત મળે છે.

## તમારી બુદ્ધિને શાર્પ કર્યા કરો તમે ખૂબ આગળ વધી જશો


ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે શિવરાત્રી પર્વના મંગલમય દિવસે રામક્રિષ્ન આશ્રમ, ગ્વાલિયરથી સુપ્રદિપ્તાનંદ સ્વામી પધાર્યા હતા. જેમણે બાળકોને જીવનમાં આગળ કેવી રીતે વધવું, જીવનમાં સારી ટેવો કેળવવી, જે વિષય અઘરો હોય તેનું મનન કેવી રીતે કરવું વગેરે વિષયો પર માહિતી આપી હતી.

આ ઉપરાંત સ્વામીજીએ જણાવ્યું હતું કે જીવનમાં સારી ટેવો કેળવો. રોજ રાત્રે સારા પુસ્તકનું વાચન કરો અથવા જે વિષય અઘરો લાગે તેનું વાચન કરો. તમારી અંદર રહેલું અર્ધજાગ્રત મન આખી રાત તેનું મનન કરશે અને તમને અઘરો લાગતો વિષય સહેલો થઈ જશે. તમારી બુદ્ધિને શાર્પ કર્યા કરો, તમે ખૂબ આગળ વધી જશો.

શાળાના ટ્રસ્ટી રાજુભાઈ ચૌધરીના સૌજન્યથી સ્વામીજીની ઉપસ્થિતિ શાળાને મળી હતી, જેમના પ્રતિ શાળા પરિવારે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# સિંહ અને જંગલના રસજ્ઞો માટે વાંચવાલયક પુસ્તક




આ પુસ્તક સંપૂર્ણપણે વાંચ્યા બાદ હું લખવા માટે પ્રેરિતથયો છું.

પુસ્તકના લેખક ડૉ. સંદિપ કુમાર અને તેમના સાથી મોઈન પઠાણ બંને વ્યક્તિઓનો ગિર અને સિંહ વિષય પર વર્ષોનો અભ્યાસ અને અનુભવ ખૂબ જ કુશળ પૂરવાર થયો છે તે બાબતની ખાતરી કરાવે છે. સંદિપ કુમાર એ સાસણ ગીર અભ્યારણ અને નૅશનલ પાર્ક ખાતે ડીઍફઓ (નાયબ વન સંરક્ષક) તરીકે ફરજ બજાવે છે, વાઈલ્ડ લાઈફના સારા જાણકાર છે.

'ગીરનો સિંહ' પુસ્તકનું વાચન કરવાથી પ્રવાસીઓને કોઈપણ સેન્ચુરી, બર્ડ વૉચિંગ, મરિન લાઈન્સ કે કોઈપણ પર્વતમાળા ફરવા જવા માટે ઉપયોગી નીવડશે. પુસ્તકમાં સિંહ વિશેની રજેરજ માહિતી આપેલી છે, સાથે-સાથે ગીર જંગલ, સૅન્ચુરી અને નૅશનલ પાર્કમાં ગુજરાત ફૉરેસ્ટ વિભાગ અને ફૉરેસ્ટ ઑફિસરની ભૂમિકાનું વર્ણન પણ વખાણવાલાયક છે, જે પુસ્તક વાંચવાથી ખબર પડે છે.

સિંહ આપણી સાથે રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક, નૈતિક, આર્થિક, પર્યાવરણ અને કૉર્પોરેટ ક્ષેત્રે કેટલો જોડાયેલો છે, તેની ઉપયોગિતા શું છે તેની સંપૂર્ણ વિગત દર્શાવેલ છે. સિંહ દેવ-દેવી સુધી આદર્શનું પ્રતીક છે.

મુખ્ય મુદ્દો સિંહનું જીવન, સિંહ-સિંહણનાં મિલન, બચ્ચાંનો ઉછેર અને ખોરાકનું સંપૂર્ણ વર્ણન સાદી, સરળ ભાષામાં કરાયું છે. તદુપરાંત સિંહ નર અને માદા તેમાંથી નર સિંહનું જીવન સંઘર્ષમય હોય છે ને નરના પ્રમાણમાં માદાનું જીવન થોડું ફાયદાકારક હોય છે એવી નાનામાં નાની માહિતીનું વર્ણન પણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. પરિવારના જોડાણ અને વિખૂટા પડવાની પણ રસ પડે એવી માહિતી એમાં મૂકવામાં આવી છે.

ગીરના જંગલમાં સિંહ સાથે વસતા કે હરતા-ફરતા લોકો - માલધારી, આહિર, સીદીઓ, નેસમાં રહેવાવાળા કે આસપાસના ગામવાળા અને વન વિભાગના કર્મચારી, ગાઈડ, ટ્રેકર ગાર્ડ - દરેકનું સિંહ સાથેનું વર્તન પણ અહીં વર્ણવવામાં આવ્યું છે.

હૉસ્પિટલ અને રેસ્ક્યૂ સૅન્ટરની કામગીરી જાણવા જેવી બાબત છે. સિંહ, દીપડા અને અન્ય પ્રાણી વિશેના જે પણ કિસ્સા લખવામાં આવ્યા છે તે દરેક વાંચવા લાયક છે. આ ઉપરથી લેખકે કરેલી જંગલની વારંવાર લીધેલી મુલાકાતનો આપણને અહેસાસ થાય છે.

આ સાથે જંગલની વનસ્પતિ, ગીરની કેસર કેરી અને નદીઓની ઉપયોગિતાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

સિંહ અને જંગલ એ બંનેના રસજ્ઞો માટે ખરેખર વાંચવાલયક પુસ્તક છે.

- ભરતકુમાર વિ પટેલ

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

માર્ચ માસનો વિષય છે :

**'મારા પપ્પા એટલે મારા પપ્પા'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે